# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-02-2023** **Morning : 7.10 to 7.20**

**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ પટેલ વાંચે છે.

---

- જળજીવન મિશન હેઠળ રાજ્યમાં ૨૦૨૪ સુધીમાં તમામ ઘરમાં નળ દ્વારા પાણી અપાશે.
- રાજયના છ જીલ્લાઓની એક હજાર 873 ગ્રામ પંચાયત વિસ્તારોમાં વોટર ફ્લો મીટર લગાવવાની કામગીરી શરૂ
- બાળકને 6 વર્ષ પૂર્ણ થવામાં જો એક દિવસ પણ ખૂટતો હશે તો પણ ધોરણ એકમાં પ્રવેશ અપાશે નહીં તેમ જણાવતાં ઉચ્ચ શિક્ષણ મંત્રી
- ગુજરાતીમાં સર્જેલ ગાંધી ચિત્રકથાના અન્ય 18 ભાષાઓમાં ઉપલબ્ધ પુસ્તકોનો લોકાર્પણ સમારંભ દિલ્હીમાં યોજાઇ ગયો.
- રાજયમાં આવેલી ચાર રામસર સાઇટે વિશ્વ જળપ્લાવિત દિવસની ઉજવણી કરવામા આવી.
- રાજકોટમાં રમાઇ રહેલી રણજી ટ્રોફી ક્રિકેટ સ્પર્ધાની સૌરાષ્ટ્ર અને પંજાબ વચ્ચેની કવાર્ટર ફાઇનલ મેચ રસપ્રદ તબક્કામાં પહોંચી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# જળજીવન મિશન

જળજીવન મિશન હેઠળ રાજ્યમાં ૨૦૨૪ સુધીમાં તમામ ઘરમાં નળ દ્વારા પાણી અપાશે. હાલ દેશમાં અગિયાર કરોડ પાંચ લાખ ગ્રામીણ પરિવારોના ઘરમાં નળ દ્વારા પાણીનો પુરવઠો મળી રહ્યો છે. જળશક્તિ રાજ્યમંત્રી પ્રહલાદસિંહ પટેલે જણાવ્યું કે સરકાર 2024 સુધીમાં દેશના દરેક ગ્રામીણ ઘરમાં નળ દ્વારા પાણીનું જોડાણ આપવા માટે જળજીવન મિશનનો અમલ કરી રહી છે.

ગઇકાલે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં શ્રી પટેલે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે , જળજીવન મિશનની જાહેરાત સમયે , ત્રણ કરોડ 23 લાખ ગ્રામીણ પરિવારોના ઘરમાં નળ દ્વારા પાણીના જોડાણ હતાં. હવે અત્યાર સુધીમાં વધુ સાત કરોડ 81 લાખ ગ્રામીણ પરિવારોને નળ મારફતે પાણીનાં જોડાણો આપવામાં આવ્યાં છે.

---

-રીપીટ

# WATER METER

રાજયના ગાંધીનગર સહિત છ જીલ્લાઓની એક હજાર 873 ગ્રામ પંચાયત વિસ્તારોમાં વોટર ફ્લો મીટર લગાવવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર ઉપરાંત મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને કચ્છ જીલ્લાના ગ્રામ પંચાયત વિસ્તારોમાં આ કામગીરી ખેડૂતોની સંમતિ મેળવ્યા પછી થઇ રહી છે.

કાર્યપાલક ઇજનેર - અમદાવાદની યાદીમાં જણાવ્યા મુજબ સરકારી કે ખાનગી કૂવા મારફતે કેટલા ભૂગર્ભ જળનો વપરાશ થઇ રહ્યો છે. તેની માહિતી જળવ્યવસ્થાપન માટે મેળવવા આ નિર્ણય લેવાયો છે.

યાદીમાં જણાવ્યું છે કે, વોટર ફ્લો મીટરથી લેવામાં આવતા રિડીંગનું બીલ બનાવવામાં આવતું નથી કે, ભવિષ્યમાં કોઇ ચાર્જ લેવાનું આયોજન નથી.

---------------------------------------------------------------------

માખા.-શ્રીરંગ તેંડુલકર-(નવીન)

# SCHOOL AFTER 6 YEARS

ઉચ્ચ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, બાળકને 6 વર્ષ પૂર્ણ થવામાં જો એક દિવસ પણ ખૂટતો હશે તો પણ શાળામાં પ્રવેશ અપાશે નહીં.

સાયન્સ સીટી ખાતે યોજાયેલ GTUના પદવીદાન સમારંભમાં શ્રી પટેલે જણાવ્યું હતું કે, છ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે રાજય સરકાર દ્વારા એક અલગ અભિગમ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બાળકોના મગજનો વિકાસ છ વર્ષે થાય છે તેથી છ વર્ષ પછીના બાળકોને ભણાવવામાં આવે તો સારી રીતે સમજી શકે છે.

------------------------------------------------------------------------

ડીડી ન્યુઝ,-જયેશ પટેલ-(નવીન)

# GANDHI KATHA

જાણીતા ચિત્રકાર અને ગાંધીવાદી શ્રીમતી સરલાદેવી મઝુમદારે બાળકો માટે ગુજરાતીમાં સર્જેલ ગાંધી ચિત્રકથાના અન્ય 18 ભાષાઓમાં ઉપલબ્ધ પુસ્તકોનો લોકાર્પણ સમારંભ દિલ્હીમાં યોજાઇ ગયો.

ભૂતપૂર્વ વિદેશમંત્રી ડોકટર કરણસિંહે ગુજરાતી અને અન્ય 18 ભાષાઓમાં તૈયાર થયેલ ગાંધી ચિત્રકથાનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મહાત્મા ગાંધીજીના પુત્રી શ્રીમતી તારા ગાંધી ભટ્ટાચાર્યના હસ્તે પુસ્તકનો અન્ય ભાષાઓમાં અનુવાદ કરનાર 9 અનુવાદકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રીમતી સરલાદેવીના આ પુસ્તકમાં ગાંધીજીના જીવન અને કાર્યને લગતા 25 પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ગુજરાતી ઉપરાંત આ પુસ્તકનો અનુવાદ અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઉર્દૂ, નેપાળી, ફ્રેન્ચ અને જર્મન સહિત 19 ભાષાઓમાં થયો છે.

--------------------------------------------------------------------

માખા.-શ્રીરંગ તેંડુલકર-(નવીન)

# વિશ્વ જળપ્લાવિત ભૂમિ દિવસ

રાજયમાં આવેલી ચાર રામસર સાઇટ-નળ સરોવર, થોળ અભ્યારણ્ય, વઢવાણા તેમજ ખીજડીયા અભ્યારણ્ય ખાતે વિશ્વ જળપ્લાવિત દિવસની ઉજવણી કરવામા આવી.

નળ સરોવર ખાતે ગઇકાલે થયેલી ઉજવણી અંગે વધુ માહિતી આપતા અમદાવાદ જીલ્લા વન સંરક્ષક પી. પુરુષોત્તમે આ મુજબ જણાવ્યું.

## (બાઇટ-પી. પુરુષોત્તમ)

એવી જ રીતે ખેડા જીલ્લાના માતરના પરીએજ સરોવર ખાતે દેશનો પ્રથમ સારસ ક્રેન ફેસ્ટીવલ યોજાયો હતો. ખેડા જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં યોજાયેલા આ ફેસ્ટીવલમાં તેમણે જણાવ્યું કે ગુજરાત જેમ સિંહ માટે જાણીતું છે તેમજ ગુજરાતનો ખેડા જીલ્લો સારસ પક્ષીઓ માટે જાણીતો છે. ભારતમાં હવે આ સારસ પક્ષીઓની સંખ્યા 10 થી 15 ટકા રહી છે. જેથી આ પક્ષીના પ્રજાતિના સંવર્ધન પર ખેડા જીલ્લા કલેકટરે ભાર મૂકયો હતો. દીવમાં વિશ્વ વેટલેન્ડ દિવસની ઉજવણી નિમિતે ગઇકાલે દીવના ફૂદમ સ્થિત પક્ષી વિહારણ ખાતે દીવ ગેલેક્સી શાળાના વિદ્યાર્થીઓએ મેનગ્રુવના છોડ નું રોપણ કર્યુ હતું..

વર્ષ 1971માં બીજી ફેબ્રુઆરીએ ઇરાનના રામસર શહેરમાં જળપ્લાવિત ભૂમિના સંરક્ષણ અને વિકાસ અંગે યોજાયેલી પરિષદમાં વિશ્વના મહત્વના વેટલેન્ડ એટલે કે, જળપ્લાવિત વિસ્તારોને રામસર સાઇટ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

---

-રીપીટ

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

......................................

# આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ દિવસ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે આંતરરાષ્ટ્રીય જળપ્લાવિત વિસ્તાર દિવસ નિમિત્તે ગુજરાતના વેટલેન્ડ પર નિર્મિત ફિલ્મનું લોકાપર્ણ કર્યું.

જાણીતા સંગીતકાર રૂપકુમાર રાઠોડ દ્વારા સંગીત અને સ્વરબદ્ધ કરાયેલી આ ફિલ્મમાં ગુજરાતના સમૃદ્ધ વેટલેન્ડને પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

ગુજરાતની ચારેય રામસર સાઇટ્સ અને કચ્છનાં છારીઢંઢ જેવા વિસ્તારમાં મહેમાન બનતા પક્ષીઓ અને ગુજરાતનાં સમૃદ્ધ વેટલેન્ડ્સને એક નાનકડી સંગીતમય ફિલ્મમાં દર્શાવવા બદલ મુખ્યમંત્રીએ રૂપકુમાર રાઠોડને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ પક્ષીઓની તસવીરો રજૂ કરતી એક ' કોફી ટેબલ' બુકનું વિમોચન પણ કર્યું હતું.

---

-રીપીટ

# RANAJI

રાજકોટમાં રમાઇ રહેલી રણજી ટ્રોફી ક્રિકેટ સ્પર્ધાની સૌરાષ્ટ્ર અને પંજાબ વચ્ચેની કવાર્ટર ફાઇનલ મેચ રસપ્રદ તબક્કામાં પહોંચી છે.

પંજાબે, સૌરાષ્ટ્રના 303 રનના જવાબમાં પહેલી ઇનીંગમાં 431 રન કરી, પહેલી ઇનીંગમાં મહત્વની 128 રનની સરસાઇ મેળવી લીધી છે. પંજાબે પ્રભસીમરન સિંહના 126, નમન ધીરના 131, મનદીપસિંહના 91 રનની મદદથી પહેલી ઇનીંગમાં 431 રન નોધાવ્યા છે.

જવાબમાં ગઇકાલે ત્રીજા દિવસની રમત બંધ રહી ત્યારે સૌરાષ્ટ્રે બીજી ઇનીંગમાં 4 વિકેટે 138 રન કર્યા છે. અર્પીત વસાવડા 44 રન સાથે અને ચિરાગ જાની 35 રન સાથે રમતમાં છે. પંજાબના વિનય ચૌધરીએ 3 વિકેટો મેળવી છે.

સૌરાષ્ટ્રને બીજી ઇનીંગમાં મોટો સ્કોર કરીને પંજાબને પડકારવાની તક છે. તો બીજી તરફ પંજાબના બોલર ઓછા રન આપીને સૌરાષ્ટ્રની બાકી 6 વિકેટો ઝડપવાનો પ્રયાસ કરશે.

---------------------------------------------------------------------

એજન્સી-શ્રીરંગ તેંડુલકર-(નવીન)

# SHRAMYOGI

ગાંધીનગરમાં આજે શ્રમ પારિતોષિક વિતરણ સમારોહ યોજાશે. શ્રમ અને રોજગાર મંત્રી બળવંતસિંહ રાજપૂત અને રાજયમંત્રી કુંવરજી હળપતિ શ્રમયોગીઓની વિશિષ્ટ કામગીરીઓને સન્માનીત કરશે.

આ સમારોહમાં પારિતોષિક મેળવનારને રોકડ પુરસ્કાર, સ્મૃતિચિહ્ન અને પ્રમાણપત્ર અપાશે. ઔદ્યોગિક એકમોમાં સંકટ સમયની આત્મસુઝ, ઉત્પાદન - વધારવા, ઔદ્યોગિક એકમોમાં શાંતિ જાળવવા જેવી વિવિધ શ્રેણીઓમાં આ પુરસ્કારો અપાશે.

------------------------------------------------------------------------

માખા.-શ્રીરંગ તેંડુલકર-(નવીન)

# MARIN TALIM

પોરબંદરના દરીયા કિનારે મરીન પોલીસ કમાન્ડો માટે સી સ્વિમીંગની તાલીમ યોજાઇ ગઇ. બે દિવસીય તાલીમમાં 456 જેટલા કમાન્ડો જોડાયા હતા.

કમાન્ડોની તાલીમ દરમિયાન તાલીમાર્થીઓનો રેસ્ક્યુ માટે જેમની બોટ કચાક, પ્લેટફોર્મ, ઝંડી સહિતની સુવિધા શ્રી રામ સ્વિમીંગ કલબ દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

---------------------------------------------------------------------

પીટીસી-પોરબંદર, મહેશ લુક્કા, જયેશ પટેલ-(નવીન)

# COST GARD QUIZ

પોરબંદરમાં ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા 47મા રાઇઝીંગ કે નિમિત્તે ક્વિઝ સ્પર્ધા યોજાઇ ગઇ. ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા શૂરશીપના ડેક ઉપર આયોજીત સ્પર્ધામાં GMC સ્કૂલે રનર અપ પુરસ્કાર બદલ રોકડ ઇનામ અને રનર્સ અપ ટ્રોફી જીતી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

---------------------------------------------------------------------------

પીટીસી-પોરબંદર, મહેશ લુક્કા, જયેશ પટેલ-(નવીન)

# WETHER

રાજયમાં ઘણા સ્થળોએ લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા 1 થી 5 ડિગ્રી વધુ નોંધાયુ છે. સૌથી ઓછુ 4 ડિગ્રી સેલ્સીયસ લઘુત્તમ તાપમાન કચ્છના નલીયામાં નોંધાયું હતું.

જયારે દીવમાં સામાન્ય કરતા 5 ડિગ્રી વધુ, વેરાવળમાં 4 ડિગ્રી વધુ, પોરબંધર અને મહુવામાં 3 ડિગ્રી વધુ, ભાવનગર, કેશોદ, વડોદરા અને સુરતમાં સામાન્ય કરતા એક ડિગ્રી વધુ લઘુત્તમ તાપમાન નોંધાયુ હતું.

આજ સમયગાળામાં રાજયમાં ઘણા સ્થળોએ મહત્તમ તાપમાન સામાન્ય કરતા 1 થી 5 ડિગ્રી ઓછું નોંધાયું હતું.

---------------------------------------------------------------------------

હવા. વેબ.,-શ્રીરંગ તેંડુલકર-(નવીન)

# HEIGHT HUNT RAJKOT

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ના ઉપક્રમે રાજકોટમાં જિલ્લા કક્ષાએ હાઇટ હન્ટ કાર્યક્રમ યોજાશે. રાજકોટ ખાતેના જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના જિલ્લા રમત ગમત વિકાસ અધિકારી ની યાદીમાં જણાવાયું છે.

ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કુલ યોજના અંતર્ગત ઉચાઈના આધારે ૧૪ વર્ષ વય જૂથના ખેલાડી ભાઈઓ અને બહેનો એ ૬ ફેબ્રુઆરીએ સવારે ૮ વાગ્યે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ક્ષ, લોટસ એવન્યુ સામે , વિમલ નગર મેઈન રોડ , કાલાવડ રોડ ખાતે સંપર્ક કરવાનો રહેશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે જરૂરી માપદંડો મુજબ ની ઊંચાઈ હોવી જરૂરી છે.

--------------------------------------------------------------------

પીટીસી-રાજકોટ, જયદીપ પંડયા, જયેશ પટેલ-(નવીન)

## PATAN

પાટણ માં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ ભારત સરકાર દ્વારા કાર્યક્રમ ‘વિજ્ઞાન જ્યોતિ’ શરૂ કરવામાં આવ્યો છે. વિજ્ઞાન પ્રૌદ્યોગિકી અને ગણિતના સ્ત્રોતોમાં મહિલાની ભાગીદારી વધારવા અને મહિલાઓને પ્રોત્સાહીત કરવા એ તેનો હેતુ છે

પાટણ જિલ્લાના લણવા સ્થિત જવાહર નવોદય વિદ્યાલય ખાતે ભાગ 3 અંતર્ગત ધોરણ 12માં અભ્યાસ કરતી કન્યા તથા તેમના વાલીઓ માટે વિજ્ઞાન જ્યોતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ 22 કન્યાઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ સમયે કન્યાઓને **NEET** તથા **JEE** ની શિક્ષણ સામગ્રીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

------------------------------------------------------------------

પીટીસી-પાટણ, જયેશ પટેલ-(નવીન)

# વીજચોરી

રાજયમાં ગઇકાલે જી.ઇ.બી. એ પાડેલા દરોડામાં અંદાજે પોણા ત્રણ કરોડથી વધુની વીજચોરી જોડાણ ઝડપાયું છે.

મળતી માહિતી મુજબ આજે દાહોદ, દેવભૂમિ દ્વારકા, રાજકોટ ગ્રામ્ય, સુરેન્દ્રનગર અને પાલનપુરના અલગ અલગ સ્થળોએ 157 જેટલી જી.ઇ.બી. ની ટીમોએ તપાસ હાથ ધરાઇ હતી.

જી.ઇ.બી.ની ટીમો સાથે ૪૪ જેટલા પોલીસ જવાનો પણ બંદોબસ્તમાં જોડાયા હતા. 2 હજાર 195 વીજ જોડાણોની તપાસ કરવામાં આવી છે.

જેમાં 404 જેટલા ગેરરીતી કરાયેલ વીજજોડાણ ઝડપાયા છે.

---

-રીપીટ

# મુખ્યમંત્રી-ભૂપેન્દ્ર પટેલ-અડાલજ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે આધ્યત્મિકતા અને ધર્મનું અનુશાસન જોડાય છે ત્યારે વિકાસના નવા પરિણામો સર્જાય છે.

રામકૃષ્ણ મિશન રાજકોટ દ્વારા યોજાયેલી ગુજરાત તીર્થ યાત્રા ગઇકાલે ગાંધીનગર પહોંચતા સંન્યાસીઓ સાથે અડાલજ ત્રિમંદિર ખાતે મુખ્યમંત્રીએ સંવાદ કરતાં આ મુજબ જણાવ્યું હતું.

આ પ્રસંગે રામકૃષ્ણ આશ્રમ રાજકોટના નિખિલેશ્વરાનંદજીએ જણાવ્યું હતું કે, યાત્રામાં ૨૦ રાજયો તેમજ બાંગ્લાદેશ તથા નેપાળથી આવેલા સંન્યાસીઓ સહિત કુલ ૧૨૫ સંન્યાસીઓ જોડાયા છે.

સ્વામી વિવેકાનંદે ગુજરાતમાં જે સ્થળોની મુલાકાત લીધી તે સ્થળોની આ તીર્થયાત્રા દરમિયાન સંન્યાસીઓ મુલાકાત લેશે.

---

-રીપીટ

# ઓલ ઈન્ડિયા ફોરેન્સિક સાયન્સ કોન્ફરન્સ

ગાંધીનગરની નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે ત્રી -દિવસીય 25મી ઓલ ઈન્ડિયા ફોરેન્સિક સાયન્સ કોન્ફરન્સ નો ગઇકાલથી આરંભ થયો છે . રાષ્ટ્રીય માનવધિકાર પંચના અધ્યક્ષ ન્યાયાધીશ અરૂણ કુમાર મિશ્રાએ આ પરિષદને ખુલ્લી મૂકી.

આ પ્રસંગે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જે.એમ. વ્યાસે જણાવ્યું કે આ પરિષદમાં ગુનાહિત પ્રવૃતિ સામેની ન્યાય પ્રક્રિયાને ઝડપી બનાવવા માટેના તમામ મુદ્દાઓ અને સમસ્યાઓ વિશે ચર્ચા કરાશે. ફોરેન્સિક તપાસ સહિત ગુનાની તપાસની વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે તેમજ ગુનાની તપાસને ઓછી ખર્ચાળ બનાવવા અંગે પણ વિચારવિમર્શ કરાશે. ફોરેન્સિક સાયન્સ સંબંધિત સાધનો અને ટેક્નોલોજીના ઉત્પાદનમાં રસ ધરાવતી કંપનીઓની ઓળખ કરી એક મંચ ઉપર લાવવા માટે પણ પરિષદમાં પ્રયાસ થશે.

---

-રીપીટ

# બાઉલ ઉત્સવ

ભાવનગર જીલ્લાના ચિત્રકૂટધામ તલગાજરડાના પરિસરમાં વિખ્યાત બાઉલ ગાયક મધુસુદન બાઉલના સ્વરમાં બાઉલ ઉત્સવનો પ્રારંભ થયો. જાણીતા કવિ શ્રી સતીશચંદ્ર વ્યાસના નેતૃત્વમાં ગુજરાતમાં બાઉલ યાત્રા ચાલી રહી છે.

પશ્ચિમ બંગાળના વિશ્વ વિખ્યાત બાઉલ ગાયક શ્રી મધુસુદન અને તેમના શિષ્ય હાજરા ગુજરાતના વિવિધ પ્રાંતમાં બાઉલ સંગીત પ્રસ્તુત કરી રહ્યા છે. શ્રોતાઓની ઉપસ્થિતિમાં તેમણે બાઉલ પરંપરાના કેટલાયે ભજનો અને પદો રજૂ કર્યા હતા.

------------------------------------------------------------

પીટીસી ભાવનગર-હરેશ સર -(જીજ્ઞેશ)

# ડાયાબીટીસ નિદાન કેમ્પ

ભાવનગર જિલ્લામાં આજે ૨૩૮ આરોગ્ય કેન્દ્રો અને ૪૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડાયાબીટીસ નિદાન કેમ્પનું આયોજન થયું છે . જિલ્લામાં કેમ્પનો સમય સવારના ૧૦ થી બપોરના ૪ વાગ્યા સુધીનો છે. ૩૦ વર્ષથી મોટી ઉંમરના તમામ લોકોની ડાયાબીટીસની તપાસ કરીને તેમાં તાત્કાલીક નિદાન કરવામાં આવશે . સરકાર દ્વારા ૧૦૦ દિવસના સંકલ્પ હેઠળ ૧૬ યોજનાઓ માટે કેન્સર , ડાયાબીટીસ, હૃદયના રોગો અને લકવા નિવારણ અને નિયંત્રણ માટે દર શુક્રવારે નિરામય કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

---------------------------------------------------------------

પીટીસી- ભાવનગર-હરેશ સર -(જીજ્ઞેશ)